**મે. એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મધ્યે, કોર્ટ નં. – ૨૦, અમદાવાદ.**

**ક્રિમીનલ કેસ નં. : <u>૫૯૯૩૩/૨૦૧૮</u>**

**આંક – ................**

**<u>ફરિયાદી :–</u>**

સરકાર

વિરૂઘ્ધ

**<u>તહોમતદાર :–</u>** **(૧)રમેશભાઈ વાલજીભાઈ પ્રજાપતિ**

**(૨)પ્રેમચંદ લાલજીભાઈ પ્રજાપતિ**

**(૩)શંભુસીંગ ચંદનસીંગ રાવ**

**(૪)ગોવિંદસિંહ સોહનસિંહ ચૌહાણ**

**<u>–:: કમીટલ હુકમ ::–</u>**

(૧) આ કામના કેસની હકીકતો મુજબ આ કામના તહોમતદાર વિરૂઘ્ધ **ઓઢવ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ. ર. નં. ૩૦૩૬/૨૦૧૮ થી ઘી અનૈતિક વેપાર અધિનિયમ–૧૯૫૬ ની કલમ–૩,૪,૫ તથા ૯** મુજબના ગુનાનું હાલનું ચાર્જશીટ અદાલત સમક્ષ રજૂ રાખવામાં આવેલ છે. આ કામે તહોમતદાર વિરૂઘ્ધ દાખલ થયેલ ચાર્જશીટમાં દર્શાવેલ ગુનાની હકીકતો ઘ્યાને લેતા આ કામના તહોમતદાર વિરૂઘ્ધનો હાલનો કેસ ચલાવવા આ અદાલતને સત્તા મળતી હોવાની હકીકતો ફલિત થતી નથી. તેમજ સદરહું ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા ના.સેસન્સ અદાલતને રહેલ છે.

(૨) આ કામના આરોપીઓ જામીન મુકત હોય તેમને અત્રેની અદાલત દ્વારા જરૂરી પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ છે. આ કામના તહોમતદારોની અગાઉથી પ્લી લેવાયેલ છે પરંતુ આ કામના તહોમતદારને અવાર – નવાર પ્રોસેસ કરવામાં આવેલ, પરંતુ આ પ્રોસેસમાં તહોમતદાર મળી

આવતાં ન હોય તેમજ સ્થાનિકે રહેતાં ન હોવાના શેરા સાથે પ્રોસેસ પરત આવેલ છે. આમ, લાંબા સમયથી આ કામના તહોમતદારો મળી આવતાં ન હોય તેવી હકીકતો રેકર્ડ આધારીત ફલીત થઈ રહી છે અને લાંબા સમયથી સદરહું આરોપીની ગેરહાજરીના કારણે કેસ કમીટ થઈ શકેલ નથી.

(૩) તાજેતરમાં તા.૦૪/૦૬/૨૨ તથા તા.૧૭/૦૬/૨૨ ના રોજ નામ.મહે.ચીફ જસ્ટીસ સાહેબશ્રી સાથે થયેલી વિડિયો કોન્ફરન્સમાં નામ.મહે.ચીફ જસ્ટીસ સાહેબશ્રી તરફથી ગુજરાતના તમામ જયુડીશિયલ ઓફીસરોને જુના કેસોના નિકાલ કરવા સંબંધે આપેલ માર્ગદર્શન તેમજ કરવામાં આવેલી ચર્ચાઓને ધ્યાને લેતાં જો તહોમતદારો લાંબા સમયથી મળી આવતાં ન હોય તો આવા કેસો પૈકી જે કેસો અદાલતે પોતે ચલાવવાના થાય તેવા કેસો સી.આર.પી.સી. કલમ – ૨૯૯ તળે હુકમ કરી અદાલતે ચલાવવા જે કેસો સેશન્સ ટ્રાયેબલ છે અને આ અદાલતની હકુમતમાં ચાલી શકે તેમ નથી તેવા કેસોને સેશન્સ કમીટ કરવા તેવી આપવામા આવેલી સૂચનાઓને ધ્યાને લેતાં, તેમજ Hon'ble Supreme court in Joginder Sing V/S State of Punjab and Haryana Scc. 345 AIR 1979 sc 339, has held that u/s 193 read with sec 209 of the code when a case of commited to the offence and not the accused.

સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચૂકાદામાં ઠરાવેલ માર્ગદર્શક સીધ્ધાંતો ધ્યાને લેતા તહોમતદારની ગેરહાજરીમાં પણ અદાલતને કેસ કમીટ કરવા માટે સત્તા મળતી હોવાનું ફલિત થાય છે. અદાલત કેસ કમીટ કરે છે તહોમતદાર કમીટ કરતી નથી તેવું ઠરાવેલ હોવાનું ફલિત થાય છે. તે તમામ હકીકતો તથા કાયદાની સ્થિતિ ધ્યાને લેતા આ કેસ નામદાર મહેરબાન સેશન્સ અદાલત તરફ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ-૨૦૯ મુજબ આગળની કાર્યવાહીઓ થવા માટે હાલના તબકકે મોકલી આપવાનું ન્યાયોચીત જણાઈ આવતુ હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-: આખરી હુકમ :-</u>**

(૧) ક્રિ.પ્રો.કો. ની કલમ – ૨૦૯ અન્વયે આ કામના તહોમતદારો **(૧)રમેશભાઈ વાલજીભાઈ પ્રજાપતિ, (૨)પ્રેમચંદ લાલજીભાઈ પ્રજાપતિ, (૩)શંભુસીંગ ચંદનસીંગ રાવ,**

**(૪)ગોવિંદસિંહ સોહનસિંહ ચૌહાણ** વિરૂધ્ધનો હાલનો કેસ **ઓઢવ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૩૦૩૬/૨૦૧૮ થી ધી અનૈતિક વેપાર અધિનિયમ – ૧૯૫૬ ની કલમ–૩,૪,૫ તથા ૯** મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી થવા સારૂં સદરહું કેસ નામદાર સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ ખાતે કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદરહું કેસનું તમામ રેકર્ડ તથા મુદ્દામાલ ઉપરોકત નામ.સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં મોકલી આપવા.

(૩) સદર હુકમની જાણ પબ્લીક પ્રોસીકયુટરશ્રીને કરવી.

(૪) સદર કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ અન્વયે જો કોઈ નિવેદન અત્રેની અદાલતમાં આવેલ હોય તો તે તમામ આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડેશ્રીનાઓએ નિયમ અનુસાર મોકલવા.

હુકમ આજ તા. ૦૧ મી, માહે – ઓગષ્ટ, સને – ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તા. ૦૧/૦૮/૨૦૨૩.**
**સ્થળ:–અમદાવાદ.**

**(દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ)**
**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૨૦, અમદાવાદ.**
**કોડ નં – જીજે – ૦૦૯૨૫**